Corp Office : 701/702 Business Square, M. A. Road, Andheri (West), Mumbai - 400 058 (CIN: L24230GJ1992PLC017820)
Extract of the Standalone Un-Audited Financial Results for the quarter ended 31 December, 2017

(Rs. In Lakhs except earnings per share)

	Particulars	Quarter Ended 31/Dec/17 Un-audited	Quarter Ended 31/Dec/16 Un-audited
1	Income from operations	2508.12	1810.57
2	Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items)	201.66	91.95
3	Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items)	201.66	91.95
4	Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items)	140.77	62.86
5	Equity Share Capital	308.97	308.97
6	Earnings per share Basic Diluted	 4.56 4.56	 2.04 2.04

Notes :
1. The above results were reviewed by the Audit Committee of the Board of Directors.
2. The Statutory Auditors have carried out a limited review of the results for the quarted ended 31 December, 2017.
3. The above results have been taken on record by the Board of Directors at it Meeting held on Tuesday, 13 February 2018 at the Corporate Office of the Company.
4. The Company has adopted Indian Accounting Standards ('Ind AS') notified by the Ministry of Corporate Affairs with effect from 01 April 2017 (with a transition date of 01 April 2016). Accordingly the financial results for the quarter ended 31 December 2017 have been prepared in accordance with Companies (Indian Accounting Standard) Rules, 2015 as prescribed under section 133 of the Companies Act, 2013.
5. The Ind AS compliant financial results pertaining to the quarter ended 31 December 2016 have not been subjected to any limited review or audit. However, the management has exercised necessary due diligence to ensure such financial results provide a true and fair view of the results.
6. Reconciliation between standalone financial results reported under erstwhile Indian GAAP and Ind AS

Description	Quarter ended 31-Dec-16	Year to date 31-Dec-16
Net Profit after tax as per Indian GAAP	65.02	131.64
Ind AS Adjustments	0	0
- Restatement of expense	-2.14	6.41
Other Comprehensive Income	0	0
Total Comprehensive Income as per Ind AS	62.88	138.05

7. There is a possibility that financial results for quarter and year to date may require adjustment before constituting the final IND-AS financial statements as at end for the year ending March 31, 2018, due to changes in financial reporting requirements arising from new or revised standards or interpretation issued by MCA / Appropriate Authority or changes in the use of one or more optional exemptions from full retrospective application of certain IND-AS as permitted under IND-AS-101.
8. The Company manufactures pharmaceutical chemicals, which is a single business segment.
9. Figures for the previous period have been regrouped / reclassified, wherever necessary.

For Samrat Pharmachem Limited
Rajesh Mehta
Director

Place : Mumbai
Date : 13 February 2018

સાવલી તાલુકાના રાણીપુરા ગામે ૨૨ વર્ષીય યુવતીનું શંકાસ્પદ મૃત્યુ

(પ્રતિનિધિ)સાવલી,તા.૧૬

સાવલી તાલુકાના રાણીપુરા ગામે (ઉ.વ. ૨૨) યુવતીનું શંકાસ્પદ હાલતમાં મૃત્યુ થયેલી હાલતમાં લાશ મળી આવતા યુવતીના મૃત્યુ બાબતે ભારે ચર્ચા જાગી છે. સાવલી પોલીસે અકસ્માત મોત રજીસ્ટર કરી વધુ તપાસ હાથ ધરી છે.

સાવલી તાલુકાના રાણીપુરા ગામે રહેતી ગોહિલ વિમળાબેન ભીખાભાઈ (ઉ.વ.૨૨) ગતરોજ સાંજના સમયથી ઘરેથી ગુમ થઈ હતી. ઘરવાળાઓ તપાસ કરતા વહેલી સવારે ગામમાં મૃત હાલતમાં મળી આવી હતી. બનાવની જાણ સાવલી પોલીસને થતા ઘટનાસ્થળે પહોંચી લાશનો કબ્જો લઈને અકસ્માત મોત રજુસ્ટર કરી તપાસ હાથ ધરી છે. જાણવા મળ્યા પ્રમાણે યુવતીના માતાપિતાએ મોત બાબતે શંકા વ્યકત કરતા પોલીસે તે દિશામાં વધુ સઘન તપાસ હાથ ધરી છે. હાલ મૃતદેહનું પી.એમ. કરાવી મોતનું ચોકકસ કારણ શોધવા તજવીજ હાથ ધરી છે.

ડમી કંપનીઓને શોધખોળ કરી માસ્ટર માઈન્ડને ઝડપવાની તજવીજ હાથ ધરાશે

બોગસ કંપનીઓ-બેનામી પ્રોપર્ટી ઉપર ત્રાટકશે ઈડી અને આઈટી

ન્યુ દિલ્હી,તા.૧૬

ચાલુ નાણાકીય વર્ષમાં આયકર વિભાગને રૂપિયા એક હજાર કરોડનો વધારાનો ટાર્ગેટ સોંપતા અધિકારીઓ દોડતા થઇ ગયા છે. ડિપાર્ટમેન્ટ દરોડા અને સર્ચમાં બેનામી પ્રોપર્ટી ઉપર ખાસ ભાર મૂકી રહી છે. ચાલુ વર્ષે કરોડો રૂપિયાની બેનામી પ્રોપર્ટી શોધવામાં આયકર વિભાગ સફળ રહ્યું છે. હવે આ બેનામી પ્રોપર્ટી માટેના રૂપિયા કયાંથી આવ્યા? તેની તપાસ ઈઢ કરશે. બીજી તરફ દેશમાં ધમધમતી લાખો બોગસ કંપનીઓ સરકારે બંધ કરાવી તેના રજિસ્ટ્રેશન રદ કરાવી દીધા છે. હવે આ કંપનીઓની ગોબાચારીની તપાસ માટે ઈઢએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. આગામી નાણાકીય વર્ષમાં આયકર વિભાગ અને ઈઢ બેનામી પ્રોપર્ટી અને બોગસ કંપનીઓની તપાસ કરશે.

ગુજરાત આયકર વિભાગ દ્વારા બેનામી પ્રોપર્ટી શોધી કાઢવા માટે ખાસ ટીમની રચના કરવામાં આવી છે. આ ટીમે રાજયભરમાંથી ઘણી બેનામી પ્રોપર્ટી શોધી કાઢી છે. હવે આ કાળા નાણાં પર ટેકસ વસૂલવાનું કામ આયકર વિભાગ કરશે. ત્યારે બેહિસાબ રૂપિયા આવ્યા કયાંથી અને તે કેવી રીતે આવ્યા તે શોધવાની કામગીરી ઈઢ શરૂ કરશે. આયકર વિભાગ સાથે ઈઢ સંયુકત રીતે બેનામી પ્રોપર્ટીની તપાસ કરશે. ઈઢ કૌભાંડના મૂળ સુધી જવા પ્રયાસ કરશે.

દેશના અર્થતંત્રને કરોડો રૂપિયાનું નુકસાન કરાવનાર આ બોગસ કંપનીઓની જયારે પણ તપાસ કરવામાં આવી છે. ત્યારે તેના સંચાલકો રિક્ષાચાલક કે પછી ભાડાના મકાનમાં રહેતા શ્રમજીવીઓ જ હોય છે. ત્યારે હવે આ બોગસ કંપનીઓના માસ્ટર માઈન્ડ કે જેઓ ખોટા બિલો રજૂ કરીને કરોડો રૂપિયાના રિફંડ મેળવતા હતા.

તેમને શોધવાની કામગીરી ઈઢની ટીમ શરૂ કરશે. આગામી હિસાબી વર્ષ માટે ઈક્રમ ટેકસ અને ઈઢને બેનામી પ્રોપર્ટીના રૂપિયા કયાંથી આવ્યા? તથા બોગસ કંપનીઓના અસલી લાભાર્થીઓ કોણ? તેમણે કૌભાંડ દ્વારા કેટલો લાભ લીધો? દેશના અર્થતંત્રને કેટલું નુકસાન કર્યુ? જે અંગી તપાસ સંયુકત રીતે કરવામાં આવશે.

સમાજમાં દરેક સ્તરે વ્યાપેલા ભ્રષ્ટાચારથી ગુજ. હાઈકોર્ટ નારાજ

ન્યાયપાલિકા એકલા હાથે ભ્રષ્ટાચાર નાબૂદ ન કરી શકે : ગુજ. હાઈકોર્ટ

અમદાવાદ,તા.૧૬

સમાજમાં દરેક સ્તરે વ્યાપેલા ભ્રષ્ટાચારના ભોરીંગ સામે ગુજરાત હાઈકોર્ટે અત્યંત નારાજગી વ્યકત કરી છે અને જણાવ્યુ છે કે જયુડીશયરી (ન્યાય પાલિકા) એકલા હાથે ભ્રષ્ટાચારને નિયંત્રણમાં લઇ ન શકે. આ માટે ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને લોકોએ પણ સુધરવુ પડશે. ભ્રષ્ટાચાર સર્વત્ર ખદબદી રહ્યો છે એ અંગે નારાજગી વ્યકત કરતા હાઈકોર્ટે એવો સવાલ ઉઠાવ્યો હતો કે આપણે કયાં સુધી ભ્રષ્ટાચારને સહન કરતા રહેશુ ? આ માટે કોને દોષ આપશુ ? સ્વતંત્રત થયા પછી પણ ભ્રષ્ટાચાર ઉપર નિયંત્રણ આવી શકયુ નથી જે ચિંતાની બાબત છે.

એક ઓફિસર સામે ભ્રષ્ટાચારના આરોપોના મામલામાં સરકારને તપાસ કરવાનુ જણાવતા જસ્ટીસ જે.બી. પારડીવાલાએ જણાવ્યુ હતુ કે, રાજકીય પાંખ અથવા તો રાજય સરકાર પોતાના હાથ ખંખેરી રહેલ છે અને એવુ કહે છે કે તમે દોષિત છો કારણ કે ભારતમાં દરેક જગ્યાએ ભ્રષ્ટાચાર ચાલે છે આવુ માનવામાં આવે છે જેને કોઇ બદલી શકતુ નથી. ભ્રષ્ટાચાર અકિલા ઉપલા લેવલેથી શરૂ થાય છે અને આખરે પબ્લીક યુટીલીટી સર્વિસમાં કામ કરતા નાના માણસ પાસે આવીને અટકી જાય છે.

સુરત જિલ્લા રજીસ્ટ્રાર દ્વારા ભ્રષ્ટાચારના આરોપો અંગેના એક કેસમાં હાઈકોર્ટે પોતાની નારાજગી વ્યકત કરી હતી અને તપાસના આદેશો આપ્યા હતા. ન્યાયધીશે આ મામલામાં વધુમાં જણાવ્યુ હતુ કે, હું એવુ માનુ છું કે, લોકોએ જેમના ઉપર ભરોસો મુકયો છે તેઓ જ યોગ્ય રીતે ગર્વનન્સ કરતા નથી, તેઓ પોતાની ફરજ અને જવાબદારી અદા કરતા નથી. જેના કારણે ભ્રષ્ટાચાર ફુલે છે.

કોર્ટે વધુમાં જણાવ્યુ હતુ કે, ભ્રષ્ટાચાર મામલે એકલુ ન્યાયપાલિકા કશુ કરી ન શકે. ભ્રષ્ટાચારનો જવાબ ન્યાયપાલિકા નથી. છેલ્લા બે દાયકાથી ભારતમાં ઉચ્ચ ન્યાયપાલિકાની ભુમિકામાં ધરખમ ફેરફારો થયા છે. લોકોને જેના પર છેલ્લી આશા છે તે ઉચ્ચ ન્યાયપાલિકાએ લોકોની આશા-આકાંક્ષાઓ પુરી કરવા પ્રયાસ કર્યો છે કારણ કે સરકારી ક્ષેત્રે નિષ્ફળતા સામે આવી છે. જો કે માત્ર ન્યાયપાલિકા જ પરિવર્તન લાવી ન શકે એટલે કે ભ્રષ્ટાચાર સમાપ્ત કરાવી ન શકે. આ માટે રાજયની રાજકીય પાંખ અને અમલદારશાહીએ પણ પોતાનુ માનસ બદલવુ પડશે. લોકોએ પણ બદલવુ પડશે. જયાં સુધી લોકો જ નહી બદલાય ત્યાં સુધી પરિવર્તન નહી આવે.ભારતમાં વ્યાપેલા ભ્રષ્ટાચારના વર્તમાન સ્વરૂપ અંગે છણાવટ કરતા ન્યાયધીશે સરકારી કર્મચારીઓ દ્વારા આચરાતા ભ્રષ્ટાચાર અંગે કૌટીલ્યના અર્થશાસ્ત્રનો દાખલો પણ આપ્યો હતો.

આજે ૭૪ નગરપાલિકાઓની ચૂંટણી ભાજપ-કોંગ્રેસની પ્રતિષ્ઠા દાવ પર

ગાંધીનગર,તા.૧૬

સૌરાષ્ટ્ર-કચ્છની ૩૩ સહિત રાજયની ૭૪ નગરપાલિકાઓની ચૂંટણી આવતીકાલે યોજાનારી છે. ભાજપ-કોંગ્રેસ સહિતના રાજકીય પક્ષો, સ્થાનિક સંગઠનો અને અપક્ષો દ્વારા છેલ્લા કેટલાક સમયથી ચાલતી તૈયારીઓ પુરી થઈ છે. આજે કતલની રાત છે અને કાલે સવારે ૮ વાગ્યાથી મતદાન શ થશે જે સાંજે ૫ વાગ્યા સુધી ચાલુ રહેશે.

નગરપાલિકાઓની ચૂંટણીઓ ઈવીએમથી યોજાશે અને મતદારોને નોટાનો વિકલ્પ પણ આપવામાં આવ્યો છે. કાલે સાંજે ૫ વાગ્યે મતદાન સંપન્ન થશે અને કોઈ કિસ્સામાં ફેરમતદાનની જર જણાશે તો તા.૧૮ના રવિવારે રિ-પોલિંગ હાથ ધરવામાં આવશે. તા.૧૯ના સોમવારે જે તે તાલુકા મથકોએ મત ગણતરી હાથ ધરાશે અને બપોર સુધીમાં જ પરિણામ જાહેર થઈ જાય તેવી શકયતા છે.

ચૂંટણી કામગીરી સાથે સંકળાયેલા સ્ટાફને આજે ચૂંટણી સાહિત્ય અને સામગ્રી સાથે મતદાન મથકોએ મોકલી દેવાયા છે અને ચૂંટણીતંત્રએ તમામ મતદાન મથકોનો કબજો સંભાળી લીધો છે. ચૂંટણીની સમગ્ર પ્રક્રિયા શાંતિપૂર્ણ વાતાવરણમાં પુરી થાય તે માટે પોલીસ, એસઆરપીનો મજબૂત બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ મતદાન મથકોએ વીડિયોગ્રાફીની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

૭૪ નગરપાલિકાઓની ચૂંટણી દરમિયાન રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડ નં.૪ની એક બેઠકની પેટાચૂંટણી પણ આવતીકાલે યોજવામાં આવશે અને તે માટે તંત્ર દ્વારા તૈયારીઓ પુરી કરી દેવામાં આવી છે.

દહેજ પડાવવા માટે મહિલા પુરૂષ બનીને બે મહિલાઓ સાથે પરણી !!

નૈનીતાલ,તા.૧૬

ઉત્તરાખંડના નૈનીતાલમાં એક વિચિત્ર કિસ્સો બહાર આવ્યો છે. પોલીસે એક મહિલાની ધરપકડ કરી છે, જે પોતે પુરુષ હોવાનું નાટક કરતી હતી. આ મહિલાએ પોતે પુરુષ હોવાનું કહીને બે મહિલા સાથે લગ્ન પણ કરી લીધા હતા અને તેમની પાસેથી દહેજ પડાવ્યું હતું. આ બે પૈકી એક મહિલાને તો તેણે દહેજ માટે ત્રાસ આપ્યો હતો. નૈનીતાલના પોલીસ વડાએ ગુરુવારે કહ્યું હતું કે ક્રિશ્ના સેન ઉર્ફે સ્વીટી સેન નામની આ મહિલા મૂળ ઉત્તર પ્રદેશના બિજનોરના ધામપુર ગામની છે. ફેસબુક પર તેણે પોતે પુરુષ જેવો પોષાક અને દેખાવ કરીને પુરુષ હોવાનું કહ્યું હતું. ત્યારબાદ બે મહિલા સાથે પરણી પણ ગઈ હતી. તેણે ક્રિશ્ના સેનનાં નામે ૨૦૧૩માં ફેસબુક એકાઉન્ટ ઓપન કર્યું હતું અને ફોટો મૂક્યો

સંત યોસેફ સિનિયર સિટીઝ ફોરમ સંસ્થાનો વાર્ષિકોત્સવ ઉજવાયો

ઉમરેઠ, તા.૧૬

ઉમરેઠ શહેર તેમજ તાલુકાના ગામોના સિનિયર સીટીઝનોનું બનેલુ એક મીશનરી મંડળ સંત યોસેફ સિનીયર સીટીઝન ફોરમ ઉમરેઠનો પ્રથમ વાર્ષિકોત્સવ ઉમરેઠ કેથોલીક દવાળયના સભાપુરોહીત પૂ.ફાધર સેબાસ્તિયાનના અધ્યક્ષસ્થાને સેંટઝેવિયર્સ હાઈસ્કુલના પટાંગણ ઉમરેઠ ખાતે ભારે ધામધૂમથી ઉજવાઈ ગયો હતો.શરૂઆતમાં પ્રાર્થના બાદ સ્વાગત પ્રવચન અને મહેમાનોનું પુષ્પગુચ્છ અને શાલથી સંસ્થાના પ્રમુખ કેશવલાલ મેકવાને સન્માન કર્યુ હતું. આ પ્રસંગે જાણીતા સામાજીક કાર્યકર અને ખેડા-આણંદ જિલ્લા સદભાવના પરિવાર ટ્રસ્ટ સંચાલીત સીનીયર સીટીઝ ફોરમ ઉમરેઠના પ્રમુખ કમલકુમાર એસ.વ્યાસ (પેઈન્ટર)એ મુખ્ય મહેમાન પદેથી સીનીયર સીટીઝનોને મળતા લાભ સગવડોની વિસ્તૃત જાણકારી આપી સંસ્થાની પ્રવૃત્તિઓની સરાહના કરી હતી.આ પ્રસંગે કેળવણીકાર દામિએલ પરમાર તેમજ અંબાલાલભાઈ મેકવાન, વિઠ્ઠલભાઈ ગોહેલ વિગેરેએ સંસ્થાની પ્રવૃત્તિઓથી સૌને વાકેફ કર્યા હતા. સંસ્થાના પ્રમુખ કેશવલાલ મેકવાનના દિકરા મેહુલકુમાર તરફથી ભોજન વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. કાર્યક્રમનું સફળ સંચાલન અને આભાર દર્શન કેશવલાલ મેવાને કર્યુ હતું. પુ.ફાધર સેબાસ્તિયાને સૌને નવા વર્ષની શુભેચ્છા અને આશિર્વચન પાઠવ્યા હતા. અને કાર્યક્રમના અંતે ગોવિંદભાઈ ગોહેલે આભાર વિધી કરી હતી.

વડોદરા ખાતે બે દિવસીય

ઈલેકટ્રો કાર્ડીઓલોજીની રાષ્ટ્રીય કક્ષાની કોન્ફરન્સું આયોજન કરાયું

વડોદરા, તા.૧૬

ઈન્ડીયન સોસાયટી ઓફ ઈલેકટ્રોકાર્ડીયોલોજીની રાષ્ટ્રીય કક્ષાની કોન્ફરન્સ ૨૦૧૮ (આઈએસઈ સીઓએન)નું આયોજન તા.૧૭ અને ૧૯ ફેબ્રુઆરી ૨૦૧૮ના રોજ વડોદરા ખાતે સયાજીગંજ સ્થિત હોટલ સૂર્યાપેલેસ ખાતે કરવામાં આવ્યું છે.

આ કોન્ફરન્સમાં દેશ-વિદેશમાં ઈલેકટ્રો કાર્ડીઓલોજીસ્ટ દ્વારા હૃદય રોગને લગતા વિષયો મુખ્યત્વે ઈલેકટ્રો કાર્ડીઓ ગ્રામ (ઈસીજી) હૃદયના ધબકારાની અનિયમિત્તા હાર્ટ ફેલીયર જેવા અનેક ઈલેકટ્રો કાર્ડીઓલોજી અને નવ સારવારની પણ વિસ્તૃત ચર્ચા નિષ્ણાંત તબીબો દ્વારા કરવામાં આવશે.

જેમા સ્થાનિક હાર્ટ સર્જન સહિત દેશ-વિદેશના ૩૦૦થી ૪૦૦ જેટલા ઈલેકટ્રો કાર્ડીઓલોજીસ્ટ ફીજીશિયણ અને મેડીકલ વિદ્યાર્થી તબીબો ભાગ લેશે તેમા આઈએસઈસીઓ એનનાઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી અને ઈલેકટ્રોકાર્ડીયો લોજી ડા.સૌનુ બોહરા તથા ઈવેન્ટ કોઓડિનેટર અને કલીનિકલ કાર્ડીઓલોજીસ્ટ ડો. પ્રજ્ઞેશ શાહે જણાવ્યું હતું.

સદ્દભાવના સિનીયર સિટીઝ ફોરમ ઉમરેઠમાં કલેકટર અને જીતેન્દ્રભાઈના અધ્યક્ષ સ્થાને વ્યાખ્યાન યોજાયું

ઉમરેઠ, તા.૧૬

સતત ત્રીસ વર્ષથી લોક સેવાના કાર્યો કરી રહેલી ખેડા-આણંદ જિલ્લા સદ્દભાવના પરિવાર ટ્રસ્ટ સંચાલીત સદ્દભાવના સિનિયર સીટીઝન ફોરમ ઉમરેઠમાં તત્કાલીન અધિક કલેકટર અને સિનીયર સીટીઝનોના માર્ગદર્શક જીતેન્દ્રભોઈ જોષીના અધ્યક્ષ સ્તાને સિનિયર સીટીઝનો (વયસ્કક નાગરીકો)ને મળતા લાભો અને સગવડો ઉપર એકડીયાની વાડી ઉમરેઠ ખાતે વ્યાખ્યાન યોજાયું હતું.

સમારંભના અતિથિવિશેષ પદેથી ડાકોરના ભાજપના અગ્રણી રાજેશકુમાર પટેલ અને કોમી એકાતના હિમાયતી અને મુસ્લીમ અગ્રણી ગોધરાના ફિરોજખાન પઠાણ તથા આણંદ જિલ્લાના ચીખ હેલ્થ ઓફિસર ડો.આર.બી.પટેલે પોતાના પ્રાસંગિક પ્રવચનોમાં સંસ્થાના પ્રમુખ કમલ પેઈન્ટરની સેવા પ્રવૃતિઓ અને સંસ્તાની માનવતાવાદી પ્રવૃત્તિઓની મુકત કંઠે પ્રશંસા કરી તનમનના સ્વાસ્થ્ય માટે યોગ અને ઉત્તમ ઔષદ હોવાનું જણાવી વયસ્કોએ તંદુરસ્ત રહેવાનું પોતાના હાથમાં જ હોવાનું જણાવ્યું હતું.

આ પ્રસંગે પિયુષ શહેરાવાળા ભોજનદાતા રશ્મીકાંત વકીલ, નવનીતલાલ સોની બિપીનભાઈ ચોકસી, વિનુભાઈ પરમાર વગેરેએ શુભેચ્છા આપી હતી.

સમારંભનું સફળ સંચાલન દિપકભાઈ શેઠે અને અભાર દર્શન જાણીતા કેળવણીકાર ડો. રમણભાઈ પ્રજાપતિએ કર્યુ હતું.

ઉમરેઠમાં કથાકાર પુ.વાસુદેવ શાસ્ત્રીનું આધ્યાત્મિક પ્રવચન યોજાયું

ઉમરેઠ, તા.૧૬

છેલ્લા ૩૨ વર્ષથી લોક સેવાના અને માનવ સેવાના સુંદર કાર્યો કરી રહેલી સંસ્થા ખેડા-આણંદ જીલ્લા સદ્દભાવના પરિવાર ટ્રસ્ટ સંચાલીત સદ્દભાવન સીનીયર સીટીઝન ફોરમ ઉમરેઠમાં જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી એ.ડી.રાણાના અધ્યક્ષસ્થાને જાણીતા રામાયણ કથાકાર પૂજય વાસુદેવ શાસ્ત્રીજી (મથુરાવાળા)નું અધ્યાત્મિક પ્રવચન એકડીયાની વાડી ઉમરેઠ મુકામે ભારે ધામધુમથી યોજાયું હતું.શરૂમાં પ્રાર્થના બાદ સ્વાગત પ્રવચન સામાજીક કાર્યકર અને સંસ્થાના પ્રમુખ કમલકુમાર એસ.વ્યાસ (પેઈન્ટરે) કર્યુ હતું. અને આવેલા મહેમાનોને પુષ્પગુચ્છ, શાલ અને સન્માન પત્રથી સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય મહેમાન પદેથી ઉમરેઠ તાલુકાના મામલતદાર જગદીશભાઈ દવેએ પોતાની આગવી શૈલીમાં જણાવ્યું હતું કે, આપણે સારા માણસ તરીકેની છાપ વિકસાવી સંબંધોને સમજવાની અને જાણવાની કુનેહ કેળવવી સંવાદિતાની દાનત કેળવવી જોઈએ તેમ કહી આ સમયમાં ગળતા શીખ ગળ્યું બોલતા શીખી ગળીને સાંભવળા શીખી જીવન સંધ્યાન આપણે સૌ અજવાળીયે તેમ ઉમેર્યુ હતું. કાર્યક્રમના આર્શિવચનદાતા જાણીતા રામ કથાકાર પુ.વાસુદેવ શાસ્ત્રીએ પોતાની લાક્ષણીક શૈલીમાં વડીલો શાપ કે આશિર્વાદ નથી પરંતુ પરમાત્માના પિતિ છે તેમ જણાવી કથાના કેટલાક વડીલોલક્ષી દાખલા દલીલ આપી જણાવ્યું હતું.લાયોનેસ નીતાબેન વ્યાસ, મ્યુ.કાઉન્સીલર શારદાબેન પટેલ, વિનુભાઈ મામલતદાર,

કોર્પોરેશન બેંક

(સાર્વજનિક ક્ષેત્રની અગ્રણી બેંક)

પ્રતિક ચેમ્બર્સ, વડોદરા, દાંડીયા બઝાર - ૩૯૦૦૦૧.

(નિયમ - ૮(૧)) પઝેશન નોટીસ (સ્થાવર મિલકત માટે)

આથી નીચે સહી કરનાર **કોર્પોરેશન બેંક** ના અધિકૃત અધિકારીશ્રીએ સિક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ અધિનિયમ, ૨૦૦૨ તથા સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૯ સહિત કલમ ૧૩(૧૨) અંતર્ગત મળેલ સત્તાની રૂએ **તા. ૧૨.૦૫.૨૦૧૭**ના રોજ ડીમાન્ડ નોટીસ ઉધારકર્તા **શ્રી ભરવાડ સાજન વશરામભાઈ,** એ - ૧, રાજસુર્યા પાર્ક સોસાયટી, નારાયણવાડીની પાસે, અટલાદરા, વડોદરા ને જારી કરીને નોટીસમાં જણાવેલ **રૂા. ૫,૫૫,૫૧૫.૬૬ (રૂા. પાંચ લાખ પચ્ચાવન હજાર પાંચસો પંદર અને છાસઠ પૈસા પુરા)** નોટીસ મળ્યાના ૬૦ દિવસની અંદર ચુકવવા જણાવેલ.

ઉધારકર્તા ઉપરોક્ત રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તા તથા જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમની કલમ ૧૩(૪) તથા ઉક્ત નિયમો હેઠળના નિયમ ૯ અંતર્ગત મળેલ સત્તાની રૂએ અધોહસ્તાક્ષરકર્તાએ **તા. ૧૪.૦૨.૨૦૧૮**ના રોજ નિમ્નલિખિત મિલકતનો કબજો લઈ લીધો છે.

ઉધારકર્તાને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકત અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સહરહુ મિલકત અંગે કરેલો કોઈપણ વ્યવહાર **કોર્પોરેશન બેંક** ની રકમ **રૂા. ૫,૫૫,૫૧૫.૬૬ (રૂા. પાંચ લાખ પચ્ચાવન હજાર પાંચસો પંદર અને છાસઠ પૈસા પુરા)** (કોઈ રીકવરીને આધીન) અને વ્યાજ સાથેના બોજા સહિત રહેશે.

સ્થાવર મિલ્કતનું વર્ણન

પ્લોટના એરીયાનું ક્ષેત્રફળ ૭૩.૦૨ સ્કે. મી., પ્લોટ નં. ૧, રાજસુર્યા પાર્ક, અટલાદરા, વડોદરા, જમીનનો આર. એસ. નં. ૪૯, ગામ મોજે - અટલાદરા, જીલ્લો - વડોદરા. ચતુરસીમા :- **ઉત્તરે :** રાજસુર્યા પાર્ક, **દક્ષિણે :** પ્લોટ નં. ૨, **પૂર્વે :** વુડાની મિલકત, **પશ્ચિમે :** એપ્રોચ રોડ.

સહી/-

તારીખ : ૧૪.૦૨.૨૦૧૮ **અધિકૃત અધિકારી**

સ્થળ : વડોદરા **કોર્પોરેશન બેંક**

ડભોઈના દંગીવાડા ગામે ઘર પાસે આવેલ રસ્તા પરથી બમ્પ તોડી પાડતા મારામારી : એટ્રોસીટી ની ફરીયાદ !!

(પ્રતિનિધિ) ડભોઈ,તા.૧૬

ડભોઇ તાલુકા ના દંગીવાડા ગામે ઘર આંગણે જાહેર રસ્તા પર બનાવાયેલા બમ્પ ને સરપંચ ના પતિ અને દિયરે તોડી પાડતા રાહદારી રસ્તો હોવાથી વાહનો ઝડપથી જતા હોય બે માસ અગાઉ તોડી નાખેલ બમ્પ ને ફરી બનાવવાનુ કહેવા જતા સરપંચ પરીવારે ઉશ્કેરાઇ ને મારામારી કરી કપડાફાડી નાખેલ હોવાની ફરીયાદ મહીલા એ ડભોઇ પોલીસને કરવા સાથે ગામમા રહેતા મુસ્લિમ સમાજ ના ચાર ઝઘડા મા સરપંચ પરીવાર નુ ઉપરાનુ લઈ ને પડ્યા હોવાના આક્ષેપ સાથે તેઓ વિરુધ્ધ એટ્રોસીટી સહીત મારામારી ની ફરીયાદ આપતા ડભોઇ પોલીસે ગુન્હો દાખલ કરી આરોપીઓ ને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.જ્યારે સામે પક્ષે પણ મારામારી ની ફરીયાદ આપતા બન્ને પક્ષો સામે ડભોઇ પોલીસે કાયદેસર ની કાર્યવાહી હાથ ધરેલ છે.

ડભોઇ પોલીસમાથી મળતી માહીતી મુજબ ફરીયાદી ધર્મેન્દ્ર ગોવિંદભાઇ રોહીત રહે.દંગીવાડા તા.ડભોઇ ની ફરીયાદ મા જણાવ્યા મુજબ દંગીવાડા ગામે તેઓના ફળીયા મા રહેતા ગોરધનભાઇ જેઠાભાઇ રોહીત ગત તા-૧૧/૦૨/૨૦૧૮ ની રાત્રે ફળીયાના રસ્તા પર આવેલ બમ્પ તોડી પાડવાની વાત ને લઈ બોલાચાલી ગાળાગાળી જગડો કર્યો હતો.તેમનુ ઉપરાણુ લઈને જયોત્સનાબેન ગોરધનભાઇ રોહીત તેમજ પંકજ પરસોત્તમભાઇ રોહીત પણ આવી ને લાકડીના સપાટા મારી મારમાર્યા અંગેની ફરીયાદ દંગીવાડા ગામના સરપંચના પતિએ ડભોઇ પોલીસને આપતા પોલીસે મારામારી કરનાર ત્રણેય આરોપીઓ વિરુધ્ધ કાર્યવાહી કરી હતી.જ્યારે સામે પક્ષે ક્રોસ ફરીયાદ જ્યોત્સનાબેન ગોરધનભાઇ રોહીત રહે.દંગીવાડા તા.ડભોઇ ની ફરીયાદ મા જણાવ્યા મુજબ દંગીવાડા ગામે તેમના ઘર પાસે જાહેર માર્ગ પર બમ્પ બનાવેલ હતો.જે બમ્પ દંગીવાડા ગામના સરપંચ લતાબેન તેમજ તેમના પતિ ધર્મેન્દ્ર રોહીતે આજથી બે માસ અગાઉ તોડી પાડેલ જેથી આ માર્ગ ઉપરથી ગામમા અવરજવર કરતા

વાહનો સ્પીડથી પસાર થતા હોવાથી બમ્પ ફરી બનાવી આપવાનુ સરપંચના પતિ ને કહેવા જતા હુ બમ્પ નહી બનાવી આપુ જે થાય તે કરી લેજે તેવો ઉડાઉ જવાબ આપી ને ગમેતેમ ગાળો બોલવા લાગતા દિકરી નિકિતાએ ધર્મેંદ્ર રોહીત ને પોતાની માતાને ગાળો બોલવાની ના પાડતા લાલો ઉર્ફે કેતન તેમજ ગોવિંદભાઇ રોહીત અને સરપંચ લતાબેન આમ આખુ પરીવાર ફરીયાદી જયોત્સના ને ઘરમા ઘુસીને તેની દિકરી ને મારમારી કપડા ફાડી નાખેલ તેમજ લાલો ઉર્ફે કેતન રોહીત હોકી લઈને આવી ને મારવા જતા જયોત્સનાબેને હોકી પકડી લીધેલ.

ત્યારબાદ ગામના મુસ્લિમ ઇસ્માઇલભાઇ બાજીભાઇ નકુમ,મોહસીન ઐયુબભાઇ નકુમ,અબ્દુલભાઇ નીયાજભાઇ નકુમ,અને લાલાભાઇ અબ્દુલભાઇ નકુમ આ કેતન ઉર્ફે લાલાભાઇ રોહીત નુ ઉપરાણુ લઈ ને ભત્રીજા પંકજભાઇ રોહીત ને માર મારેલ હોય આખા જગડામા કોઇએ જાતિવિષયક અપમાનિત કે ઉચ્ચારન ન કરેલ હોવાનુ ફરીયાદી એ ફરીયાદ માજ જણાવેલ હોવા છતા એટ્રોસીટી ની કલમ અને મારામારીની કલમ હેઠળ બન્નેપક્ષે ક્રોસ ફરીયાદ લઈ ડભોઇ પોલીસે આરોપીઓને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

૧૫મી માર્ચની ડેડલાઈન જ ભુલાઈ ગઈ...???

નર્મદાનું પાણી અધ વચ્ચે જ બંધ કરાતા ખેડૂતોમાં રોષની લાગણી

ગાંધીનગર,તા.૧૬

રાજયના ખેડૂતોને બારેમાસ સિંચાઈનું પાણી મળતું રહે અને કૃષિ ઉત્પાદનમાં અવ્વલ રહેવાય તે માટે અમલમાં મુકાયેલી નર્મદા યોજનાના જ નીર ખેડૂતોને ૧૫મી માર્ચ પછી નહીં આપવાની જાહેરાત બાદ હવે આ મુદત પહેલા જ એટલે કે અત્યારથી મોટાભાગના વિસ્તારોમાં નર્મદાનું સિંચાઇનું પાણી બંધ કરી દેવામાં આવતા ઘઉં, જીરૂ, ઈસબગૂલ, લસણ, ડુંગળી, અજમો સહિતના મોંઘા રવી પાકનું વાવેતર કરનારા ખેડૂતોને વ્યાપક નુકસાનની ભીતિ સેવાઇ રહી છે. ઉનાળુ પાકને બદલે રવી પાકને જ પૂરતું પાણી આપવામાં નિષ્ફળતા છતી થતા ખેડૂતોમાં વ્યાપક રોષ ફેલાયો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર શિયાળુ કૃષિ પાકમાં અચાનક પાણી બંધ કરી દેવાથી ૧.૭૦ લાખ હેક્ટરમાં કૃષિ પાક પર આફત તૂટી પડી છે. તેમાં નર્મદા નહેરની પેટાશાખામાં અનેક સ્થળે રાતોરાત પાણી બંધ કરી દેવાયા છે.

જયારથી ગ્રામ્ય વિસ્તારોએ ભાજપને મત આપવાનું બંધ કરી દીધું છે ત્યારથી સરકારે પક્ષપાત રાખીને ખેડૂતોને પાણી આપવાનું બંધ કરી દીધું હોવાના આક્ષેપો પણ થઇ રહ્યા છે. જયાં ભાજપના ઉમેદવાર હાર્યા છે ત્યાં આ સ્થિતિ જોવા મળે છે એમ ખેડૂત મંડળ કહી રહ્યાં છે. તેઓ એવું માની રહ્યા છે કે ૧૫ તાલુકા પંચાયતની ચૂંટણી છે ત્યાં હજુ વેરની વસૂલાત થતી નથી તે સિવાય બીજે પાણી બંધ કરી દેવાયું છે. આમ ચૂંટણીના સમયમાં પાણીનો મુદ્દો હવે રાજકીય મુદ્દો બની ગયો છે. નર્મદા કાંઠે જયાં ખેડૂતોને પાણી મળવું જોઈએ ત્યાં ભાજપ સરકારે પાણી ન આપતાં ખેડૂતો નહેર પર મશીન મૂકીને પાણી લેવાનું ખર્ચાળ કામ કરી રહ્યાં હતા.

એવા ૧૨ હજારથી વધારે સ્થળોએ ભાજપ સરકારે જોડાણ કાપી કાઢ્યા છે. ખરેખર તો મશીનથી પાણી લેવું પડે તે સરકારની નિષ્ફળતા છે. નર્મદા નિગમની નિષ્ફળતા છે.

ઉપરાંત ૨૪ જેટલી શાખા અને પ્રશાખાઓમાં પાણી બંધ કરી દેવામાં આવ્યું છે. જેના કારણે ખેડૂતોનો પાક સૂકાઈ રહ્યો છે.

ઈરાન ભારતની સાથે નજીકનો સંબધ બનાવવા ઈચ્છે છે: રાષ્ટ્રપતિ હસન રૂહાની

ન્યુ દિલ્હી,તા.૧૬

ભારતના પ્રવાસ પર આવેલા ઈરાનના રાષ્ટ્રપતિ હસન રૂહાનીએ અહીંયા સાંસ્કૃતિક વિવિધતાના વખાણ કરતા કહ્યુ કે, ''તેમનો દેશ ભારતની સાથે નજીકનો સંબંધ બનાવવા ઈચ્છે છે.'' અહીંયા મુસ્લિમ બુદ્ધિજીવીઓ, વિદ્વાનો અને મૌલવીઓને સાથે કરેલી એક બેઠકમાં રૂહાનીએ કહ્યુ કે, ''ભારતની સંસ્કૃતિ ને પરંપરાઓ દુનિયાભરમાં વિભિન્ન ધર્મો અને વિચારો માટે એક ઉદાહરણ આપે છે.''વર્ષ ૨૦૧૩માં ઈરાનના રાષ્ટ્રપતિ બન્યા પછી પહેલી વખત ભારતની યાત્રા પર આવેલા રૂહાનીએ કહ્યુ કે, ''ઈરાન પૂર્વ માટે એકજૂટતા, સ્વતંત્રતા અને સમર્થન ઈચ્છે છે, તે ભારતની સાથે ભાઈચારો ઈચ્છે છે. અમે કોઈ અન્ય દેશની સાથે પણ મતભેદ નથી ઈચ્છતા.''ભારતની 'વિવિધતામાં એકતા'ની સંસ્કૃતિ અને શાંતિપૂર્ણ સહ-અસ્તિત્વનો વખાણ કરતા રૂહાનીએ કહ્યુ કે, ''અમે અહીંયા મુસ્લિમ, હિંદૂ, સિખ તમામ જાતિના લોકો શાંતિપૂર્ણ રીતે એકબીજા સાથે રહે છે.''

Samrat Pharmachem Limited

Regd Office : Plot No. A2/3445, GIDC, Phase 4, Ankleshwar - 393 002, Gujarat (Website: www.samratpharmachem.com)
Corp Office : 701/702 Business Square, M. A. Road, Andheri (West), Mumbai - 400 058 (CIN: L24230GJ1992PLC017820)

Extract of the Standalone Un-Audited Financial Results for the quarter ended 31 December, 2017

(Rs. In Lakhs except earnings per share)

	Particulars	Quarter Ended 31/Dec/17 Un-audited	Quarter Ended 31/Dec/16 Un-audited
1	Income from operations	2508.12	1810.57
2	Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items)	201.68	91.95
3	Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items)	201.68	91.95
4	Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items)	140.77	62.88
5	Equity Share Capital	308.97	308.97
6	Earnings per share		
	Basic	4.56	2.04
	Diluted	4.56	2.04

Notes :
1. The above results were reviewed by the Audit Committee of the Board of Directors.
2. The Statutory Auditors have carried out a limited review of the results for the quarted ended 31 December, 2017.
3. The above results have been taken on record by the Board of Directors at it Meeting held on Tuesday, 13 February 2018 at the Corporate Office of the Company.
4. The Company has adopted Indian Accounting Standards ('Ind AS') notified by the Ministry of Corporate Affairs with efffect from 01 April 2017 (with a transition date of 01 April 2016). Accordingly the financial results for the quarter ended 31 December 2017 have been prepared in accordance with Companies (Indian Accounting Standard) Rules, 2015 as prescribed under section 133 of the Companies Act, 2013.
5. The Ind AS compliant financial results pertaining to the quarter ended 31 December 2016 have not been subjected to any limited review or audit. However, the management has exercised necessary due diligence to ensure such financial results provide a true and fair view of the results.
6. Reconciliation between standalone financial results reported under erstwhile Indian GAAP and Ind AS:

Description	Quarter ended 31-Dec-16	Year to date 31-Dec-16
Net Profit after tax as per Indian GAAP	65.02	131.64
Ind AS Adjustments	0	0
- Restatement of expense	-2.14	6.41
Other Comprehensive Income	0	0
Total Comprehensive Income as per Ind AS	62.88	138.05

7. There is a possibility that financial results for quarter and year to date may require adjustment before constituting the final IND-AS financial statements as at end for the year ending March 31, 2018, due to changes in financial reporting requirements arising from new or revised standards or interpretation issued by MCA / Appropriate Authority or changes in the use of one or more optional exemptions from full retrospective application of certain IND-AS as permitted under IND-AS-101.
8. The Company manufactures phamaceutical chemicals, which is a single business segment.
9. Figures for the previous period have been regrouped / reclassfied, wherever necessary.

For Samrat Pharmachem Limited
Place : Mumbai Rajesh Mehta
Date : 13 February 2018 Director